# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

વર્ષ ૧ : અંક ૫ ● સં. ૨૦૫૮, અષાઢ વદ ૮, ગુરુવાર, તા. ૧ ઑગસ્ટ, ૨૦૦૨

## આ લોકતંત્રમાં માગ્યા વિના કશું મળતું નથી.

શું જૈનો ધાર્મિક લઘુમતી છે? ઑફકોર્સ, જૈનો સાડીસત્તર વખત ધાર્મિક લઘુમતી છે. જૈનોની હાલની વસતી અંદાજે ૪૦ લાખ જેટલી છે. આ સંખ્યા સાચી હોય તો ભારતની કુલ વસતીના લગભગ ૦.૪ ટકા થયા. અમારા એક વાચક બંધુએ સરસ મુદ્દો ઉઠાવ્યો છે : *'વીસ કરોડની રાક્ષસી સંખ્યા ધરાવનારો વર્ગ પણ લઘુમતી કહેવાતો હોય તો જૈનોની તો સંખ્યા જ કેટલી?'* બીજી પણ એક મહત્ત્વની વાત તેમણે પોતાના પત્રમાં લખી છે : *'વીસ કરોડ લોકો માટે વકીલાત કરનારા બીજા વીસ કરોડ લોકો છે! જૈનો માટે વકીલાત કરીને કોઈને શું મળવાનું?'* આ વાચકને કહેવાનું કે દોસ્ત, ખુદ જૈનો જ જૈનોની વકીલાત કરવા ક્યાં તૈયાર છે?!

ભારતના રાજકારણીઓ માટે સવાલ વોટનો છે અને આંતરિક ખટપટોમાં રાચતા જૈનો માટે સવાલ વટનો છે. 'જૈનો પણ હિંદુઓ જ છે'નો નારો પીટે રાખતા હિંદુઓને થોડાક સવાલો પૂછવા જેવા છે : અમે હિંદુ છીએ તો અમારા ભગવાનની પ્રતિષ્ઠા હૃષીકેશમાં થાય તેમાં તમારા ધર્મગુરુઓના પેટમાં ચૂંક કેમ આવી? તોફાનો કેમ થયાં? પ્રતિષ્ઠા કેમ અટકી પડી? હિંદુ ધર્માચાર્યોની દાદાગીરીને કેટલા હિંદુઓએ વખોડી નાખી? જૈનોની જેમ હિંદુઓ પણ વિશ્વબંધુત્વના નારા રોજેરોજ લગાવે છે! પણ તેઓ તેમનું વિશ્વબંધુત્વ હિંદુ પ્રજાથી આગળ વધી શકતું નથી!

તિરુપતિ બાલાજીનો ઈતિહાસ જૈનોને ખબર છે ખરો? અંબાજી, ગિરનારજી વગેરે તીર્થોના ઈતિહાસથી કેટલા જૈનો માહિતગાર છે? રાજસ્થાનમાં હિંદુ મંદિરોમાં ફેરવાઈ ગયેલાં સેંકડો જૈન મંદિરોના ઈતિહાસથી કેટલા જૈનો જાણકાર છે? હા, એ દેરાસરોને પોતાનાં મંદિરોમાં ફેરવી નાખનારા લોકો કંઈ આક્રમણખોર મુસ્લિમો તો નહોતા જ. તેઓ આપણા જ 'મોટા ભાઈ' હતા!

અનોપમંડળના ગુંડાઓ જૈન મુનિઓનાં ખૂન કરી નાખે ત્યારે કોઈ હિંદુનું લોહી કેમ ગરમ થતું નથી? છાને ખૂણેથી પણ અનોપમંડળની વિરુદ્ધમાં કેમ કોઈ અવાજ ઊભો થતો નથી?

અમદાવાદનો દાખલો લઈએ તો સાબરમતી, શાહીબાગ, પાલડી, વાસણા વગેરે સ્થાનોમાં લાખો વોટ જૈનોના છે. કયા રાજકીય પક્ષે જૈન ઉમેદવારને આ સ્થાનોમાં પ્રોજેક્ટ કર્યો? મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારમાં કેમ કોઈ હિંદુ ઉમેદવાર ઊભો રાખવાની હિંમત થતી નથી? જૈનોના વિસ્તારમાં ગમે તે ઉમેદવાર માથે મારી શકાય? મુસ્લિમો સામે લટૂડાં પટૂડાં કરતા હારેલા અને જીતેલા ઉમેદવારો એમની કાલ્પનિક સમસ્યાઓની પણ જેટલી ચિંતા કરે છે તેના સોમા ભાગની ચિંતા તેઓ જૈન પ્રજાની વાસ્તવિક સમસ્યાઓની કરે છે ખરા? જૈનોના લાખો વોટથી ચૂંટાયેલા કયા હિંદુ ઉમેદવારે જૈનોના પડતર પ્રશ્નોનો નિકાલ કર્યો છે?

ગુજરાતનાં પ્રધાનમંડળોમાં દરેક જાતિને ખુશ કરવા જાત જાતના ગતકડાં કરવામાં આવે છે. રેફ્રિજરેટર અને કબાટના તફાવતની ગતાતમ ન હોય એવા અબૂધ લોકો માત્ર જે તે જાતિનું પ્રતિનિધિત્વ ધરાવતા હોવાના કારણે પ્રધાનમંડળમાં સ્થાન પામે છે. જૈનોની ચિક્કાર વસતી ધરાવતા ગુજરાતમાં કેટલા જૈનો ગુજરાતના પ્રધાનમંડળમાં હોય છે?

સવાલ જો સમાનતાનો હોય તો એ બધાને લાગુ પડવો જોઈએ. તારૂં મારૂં સહિયારૂં ને મારૂં મારા બાપનું એવી ખોખલી સમાનતાને 'જય જિનેન્દ્ર' મક્કમતાથી નકારી કાઢે છે.

શું રાજકારણ કે શું સમાજકારણ, દરેકમાં આજે અમુક લોબીઓની જ બોલબાલા છે એ કોણ નથી જાણતું. આજના કહેવાતા લોકતંત્રમાં લોકોનો નહીં, સંગઠિત સમાજોનો અવાજ હોય છે. ગુજરાત, મુંબઈ અને રાજસ્થાન સહિત જ્યાં જ્યાં જૈનોનું પ્રાબલ્ય છે ત્યાં ત્યાં જૈનોનો કેટલો અવાજ છે? જૈનો જો આ મામલે સંગઠિત નહીં થાય તો આવતી કાલે જૈનો એક ભૂતકાલીન પ્રજામાં ફેરવાઈ જશે.

એક વાયકા પ્રમાણે આ દેશમાં જે ઇન્કમ ટૅક્સ ભરાય છે તેમાં ૩૫ ટકા હિસ્સો એકલી જૈન પ્રજાનો હોય છે. ૩૫ ટકા ટૅક્સ ભરનારી પ્રજાનો ૩૫ ડેસિબલ જેટલો પણ ક્યાંય અવાજ છે ખરો? વચ્ચે શંખેશ્વરની ગ્રામપંચાયતે યાત્રિકવેરો નાખવાનું પ્લાનિંગ કર્યું હતું. કેમ હરદ્વાર, હૃષીકેશ, અમરનાથ, અંબાજી વગેરે સ્થળોમાં યાત્રિકવેરો નાખવાનાં અડપલાં ક્યારેય કરવામાં નથી આવતાં? કેમકે જાગ્રત હિંદુ પ્રજા શાસકોને કાચ્ચા ને કાચ્ચા ખાઈ જાય!

કેસરીયાજી તીર્થ ઉપર ચપ્પટ બેસી ગયેલા લોકોની ચૂંગાલમાંથી એ જૈન તીર્થને છોડાવવા માટે જૈનો પાસે કયો એજન્ડા છે? આપણે બધા ભાઈ ભાઈ છીએ એવાં ઢોલ પીટનારા લોકોને કહેવું છે કે અમને અમારાં તીર્થો પાછાં અપાવો. અમે પણ તમારી સાથે જ જોર જોરથી નારા પોકારીશું : 'આપણે બધા ભાઈ ભાઈ છીએ!' તમને તમારી રામ જન્મભૂમિ વહાલી હોય તો અમને અમારૂં કેસરીયાજી વહાલું ન હોય? અમે જૈનોએ કરોડો હિંદુ જનતાના લાભાર્થે અબજો રૂપિયાનાં દાન કશી લાલચ વિના આપ્યાં છે એ યાદ દેવડાવવાની આ જગ્યા નથી પરંતુ અમને અમારી સુરક્ષાનો ચોખ્ખો હક્ક છે એવું જણાવવાની તો આ જગ્યા છે જ.

જ્યાં સુધી ભારતના બંધારણમાં હિંદુઓ કરતાં ઓછી સંખ્યા ધરાવનાર કોઈ પણ વર્ગને લઘુમતી ગણીને તેના ઉત્થાન, વિકાસ અને પ્રગતિ માટે ખાસ દરજ્જો આપવાનું ચાલુ રહે ત્યાં સુધી જૈનોને પણ તે દરજ્જો મળવો જ જોઈએ એવી માગણી કરવામાં કશું જ અનુચિત નથી. જે દિવસે ભારતના બંધારણમાં ખરેખરા અર્થમાં સર્વ કોઈ ભારતીય નાગરિકને સમાન ગણવામાં આવશે તે દિવસે સંખ્યા કે વર્ગ આધારિત લાભો જતા કરવામાં જૈનો સૌથી આગળ હશે. પોતાના વર્ગના કલ્યાણ માટે જેઓ બંધારણનો લાભ ઉઠાવી શકતા નથી તેઓ સરવાળે ફેંકાઈ જાય છે.

### જય જિનેન્દ્ર

*જય જિનેન્દ્ર દ્વારા ઉપાડવામાં આવેલી ચર્ચા* ***'શું જૈનો ધાર્મિક લઘુમતી છે?'*** *ને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. આ અંકમાં હવે પછીનાં પાનાંઓ ઉપર અમે ચર્ચામાં ભાગ લેનારા વાચકોના પત્રો આપ્યા છે.*

*જય જિનેન્દ્રની ભાવનાને માન આપીને મુંબઈના નામાંકિત વિચારક ડૉ. રશ્મિકાન્ત શાહ આગામી અંકમાં વાચકોના પત્રોની સમીક્ષા કરશે. આગામી સપ્ટેમ્બર માસનો અંક વાંચવાનું ચૂકશો નહીં.*

***આ દેશમાં જ્યારે જાતિ આધારિત લાભો આપવાનું બંધ થશે ત્યારે એ લાભોને ઠુકરાવનારા સૌથી પહેલા જૈનો જ હશે***

પ્રિય વાચક મિત્રો,

**'શું જૈનો ધાર્મિક લઘુમતી છે? હા કે ના'** એ પ્રશ્ન ગયા અંકોમાં આપની સામે રજૂ કર્યો હતો. વાચકો તરફથી અગણિત પ્રતિભાવો આવ્યા છે. વાચકો તરફથી આવા અકલ્પ્ય પ્રતિભાવો મળશે એ વાત અમારા માટે અણધારી પૂરવાર થઈ છે. તદ્દન નવું અને હજી 'પા પા પગલી' માંડી રહેલું આપણું સૌનું માસિક '*જય જિનેન્દ્ર*' જૈન સમાજના પાયાના પ્રશ્નોમાં રસ લઈ રહ્યું છે અને સાચી દિશા તરફ આગળ વધી રહ્યું છે એનો આ બોલતો પૂરાવો છે. ચીલાચાલુ જૈન પત્રો કરતાં '*જય જિનેન્દ્ર*' પોતાની આગવી ભાત ઉપસાવી રહ્યું છે એ અત્યંત આનંદનો વિષય બની રહે છે.

અહીં અમે અમને મળેલા પ્રતિભાવોમાંથી સમાજના વિવિધ વર્ગ અને સ્તરના વાચકો તરફથી મળેલા અભિપ્રાયોને સમાવી રહ્યા છીએ. જૈનો સમાજના પ્રશ્નોમાં રસ લેતા નથી અને તેઓ માત્ર વેપાર કરી જાણે છે તેવી છાપને '*જય જિનેન્દ્ર*'ના વાચકોએ કચકચાવીને ફેંકી દીધી છે એના જેવી ગૌરવરૂપ વાત બીજી કઈ હોઈ શકે? **જૈનો ધાર્મિક લઘુમતી છે કે નહીં** એ પ્રશ્ને જૈનોમાં બન્ને પ્રવાહો જોવા મળ્યા છે.

# હા, જૈનો ધાર્મિક લઘુમતી છે. કારણ કે...

**શું** જૈનો ધાર્મિક લઘુમતી છે? આ પ્રશ્નનો જવાબ 'હા'માં જ આવી શકે કારણ કે માર્ચ, ૨૦૦૧ની વસતીગણતરી પછી ભારતની અત્યારની ૧૦૫ કરોડની વસતીમાં જૈનોની સંખ્યા માત્ર ૪૦થી ૪૨ લાખ જેટલી છે, એટલે કે અડધા ટકાથી પણ ઓછી (૦.૪%) છે!

મુસ્લિમ (૧૨.૧%), ખ્રિસ્તી (૨.૩%) તથા શીખ અને બૌદ્ધ (૦.૮%) ધર્મ માનનારા કરતાં પણ ઘણી જ ઓછી છે એ હકીકત તો સ્વીકારવી જ પડે, એટલે 'જૈનો ધાર્મિક લઘુમતી નથી' એમ તો કોઈ રીતે કહી ન શકાય.

આપણે ત્રણ બાબતો ઉપર ઊંડો વિચાર કરવો જોઈએ :

**૧.** આપણે ઓછી સંખ્યામાં છીએ એમ વાત કરીએ ત્યારે 'આપણો ધર્મ રત્ન જેવો છે, દુનિયામાં રત્નો તો ઓછાં જ હોય અને કાંકરા વધારે હોય' એમ આપણને સમજાવવામાં આવે છે! તો આપણે એમ સમજવું કે પારસી ધર્મમાં માનનારા બહુ જ ઓછા (માત્ર ૮૦,૦૦૦) છે એટલે એ વધુ મૂલ્યવાન રત્ન જેવો હશે?!

**૨.** બીજા ધર્મમાં માનનારાઓએ આ દેશની ટેમ્પરરી સરકારો પાસેથી લઘુમતીને મળતા બધા હક, લાભ અને રક્ષણ મેળવ્યાં છે. આપણે લઘુમતીમાં હોવા છતાં કાયદેસર એ સ્વીકારવામાં કાં તો આપણને શરમ આવે છે, કાં તો આપણો અહંકાર આપણને નડે છે!

તિરૂપતિ બાલાજીનું મેનેજમેન્ટ સરકારે લઈ લીધું, અંબાજીનું સંચાલન સરકારે લઈ લીધું. આ રીતે શંખેશ્વર, પાલિતાણા, મહુડી અને નાકોડા–જ્યાં ધન અને દાગીનાના ઢગલા થાય છે–આનાં ફંડો, આવક, દાગીના વગેરે આ દેશની દેવાળિયા સરકારો કબજે કરી લે તો જૈનોએ નવાઈ પામવી નહીં કે દુઃખી થવું નહીં, કારણ કે દરેક ટેમ્પરરી સરકારને ખર્ચા કરવા માટે પૈસા જોઈએ છે અને જૈનો પાસે અઢળક ભંડારો પડ્યા છે એ પણ ખબર છે.

ટ્રસ્ટને લગતા કાયદા દર વર્ષે બદલાયા કરે છે એની જૈનોને પણ ખબર તો હશે જ! કાયદાકાનૂન એ મારો વિષય નથી. જૈનોમાં જે થોડાઘણા કાયદાકાનૂનના નિષ્ણાત વકીલો કે સોલિસીટરો હોય, એમાંના જે નિષ્ઠાવાન અને દીર્ઘદષ્ટિવાળા હોય તેઓએ પોતાના ધર્મ પ્રત્યેની ફરજ સમજીને, ભવિષ્યમાં લૂંટાઈ જનારાં કૉર્પસ ફંડો, રિઝર્વ વગેરેને બચાવવા માટે 'જૈનોની લઘુમતીના હકો, રક્ષણ વગેરે શા માટે ન મેળવવાં? શા માટે ન સ્વીકારવાં?' એના પર પૂરી વિચારણા કરી, સાચી કાનૂની સલાહ ધર્મગુરુઓને અને શ્રાવકોનાં મહામંડળોને આપવી જોઈએ, કારણ કે કૉર્પસ ફંડો, દ્રવ્યરક્ષણ, સરકારી કાયદાકાનૂનની જટિલતાઓ એ બધું પણ ધર્મગુરુઓનો વિષય નથી!

**૩.** ભગવાન મહાવીરના વખતમાં જૈનોની સંખ્યા ૪૦ કરોડ હતી. સમ્રાટ અશોકના વખતમાં ૧૮ કરોડ હતી. કુમારપાળ અને હેમચંદ્રાચાર્યના વખતમાં ૮ કરોડ હતી. તેમના પછીનાં ૯૦૦ વર્ષમાં આ સંખ્યા ઘટાડીને આપણે અત્યારે માત્ર ૪૦-૪૨ લાખ સુધી લઈ આવ્યા!

ભારતની વસતી છેલ્લાં પંચાવન વર્ષમાં ૩૩ કરોડથી વધીને ૧૦૫ કરોડ થઈ ગઈ. આપણી સંખ્યા ઘટતી ગઈ!

જૈનોને પહેલાં પાંચ અણુવ્રતો પાળવાને બદલે સાતમું વ્રત પાળવા ઉપર વધુ પડતો ભાર આપવામાં આવ્યો અને આપણી વિચારધારાને રસોડાથી ડાઇનિંગ ટેબલ સુધી, માત્ર કાયાના સ્તર સુધી નીચે લાવવામાં આવી એ વસતી ઘટવાનું મુખ્ય કારણ છે એટલી સમજ તો પડવી જોઈએ.

ક્ષત્રિયોનો ધર્મ વૈશ્યોના હાથમાં આવ્યો અને ધર્મનો પણ વેપાર થવા લાગ્યો એ બીજું કારણ છે.

આ અને આવાં બીજાં કારણો પર વિચાર કરશો તો ખબર પડશે કે આપણે આપણી સંખ્યા કેવી રીતે ઘટાડી શક્યા અને હજી ઘટાડતા જઈશું!

માત્ર ભારતમાં જ જે લોકોની વિસાત અડધા ટકાથી પણ ઓછી છે તે લોકો 'વિશ્વધર્મ'ની વાતો કરે ત્યારે હસવું તો આવે જ છે, કરુણા પણ ઉપજે છે.

આપણો દેશ જેમ લક્ષ્યહીન અને નિર્નાયક છે તે જ રીતે આપણો અત્યારનો જૈન ધર્મ પણ લક્ષ્યહીન અને નિર્નાયક છે એ હકીકત સ્વીકારવી પડે. આપણે અહંકારી થવા જેવું કોઈ જ કારણ નથી એ સમજવું પડે.

***ડૉ. રશ્મિકાન્ત શાહ** (મલાડ, મુંબઈ)*

*જય જિનેન્દ્ર* દ્વારા ઉપસ્થિત કરાયેલ આ પ્રશ્ન ખૂબ સમયસરનો છે. સમાજને સ્પર્શતા આવા ગંભીર મુદ્દાઓની જાહેર ચર્ચા થવી જ જોઈએ. હવે મૂળ વાત ઉપર આવું તો જૈનો ધાર્મિક લઘુમતી છે એ બાબતે કોઈ વિવાદને અવકાશ છે જ નહીં. ભારતમાં અલ્પસંખ્યક લોકોને પોતાની સામાજિક સુરક્ષા માટે ભારતના બંધારણમાં સ્પષ્ટ જોગવાઈ છે. જૈનોએ આનો લાભ લેવો જ જોઈએ. ભારતના બધાં રાજ્યોમાં મુસ્લિમો અને ક્રિશ્ચિયનો છે. જ્યારે જૈનો તો માત્ર ગુજરાત અને રાજસ્થાનમાં જ છે. પંજાબને બાદ કરતાં અન્ય પ્રાંતોમાં જે જૈનો છે તે મુખ્યત્વે ગુજરાત અને રાજસ્થાનમાંથી ગયેલા જ છે. આથી અખિલ ભારતીય લેવલે જોઈએ તો જૈનોની જાણે હસ્તી જ નથી. જો તેમને સમયસર લઘુમતી દરજ્જાના હક્કો આપવામાં નહીં આવે તો ભવિષ્યમાં ગુજરાત, રાજસ્થાનમાંથી પણ તેમનું અસ્તિત્વ નાબૂદ થઈ જશે.

***આશીષ કામદાર** (રાજકોટ)*

**જૈન** ધર્મના લોકોને લઘુમતી જ કહી શકાય. ભારતમાં સંખ્યામાં લાખો કરોડો હોવા છતાં મુસ્લિમો, ક્રિશ્ચિયનો, શીખો વગેરે લઘુમતી ગણાતા હોય તો સંખ્યામાં સાવ નગણ્ય એવા જૈનોને લઘુમતી નહીં માનવાનું કોઈ કારણ રહેતું નથી. જે પ્રજા પોતાનાં હિતો માટે સભાન નથી તેનો વહેલો-મોડો વિનાશ થાય છે. અને ભગવાન પણ તેને બચાવી શકતો નથી.

***રંજનબેન શાહ** (સેટેલાઇટ, અમદાવાદ)*

**જૈનો** લઘુમતી છે જ. આટલી નાની સંખ્યાના લોકોને પોતાના અધિકારો અંગે સજાગ કરવા જ જોઈએ, નહીં તો આજની અનાડી અને વિચિત્ર રાજ્યવ્યવસ્થામાં જૈનોનો એકડો સદંતર નીકળી જશે.

***શાંતિલાલ ઈશ્વરલાલ** (પાલડી, અમદાવાદ)*

**જૈનો** લઘુમતી છે એમાં કોઈના પ્રમાણપત્રની જરૂર જ ક્યાં છે. ભારતના બંધારણે કરેલી વ્યવસ્થા જો ખરેખર ભેદભાવ વગર લાગુ કરવાની હોય તો જૈનોને લઘુમતીનો દરજ્જો આપવો જ પડે. કમનસીબે રાજકારણની ગતાગમ નહીં ધરાવતા આપણા જ કેટલાક ધર્મનેતાઓ અને સમાજનેતાઓ આ મામલે શાહમૃગની નીતિ અપનાવે છે.

***નિકુંજ વી શાહ** (ધંધુકા)*

**વીસ** કરોડની રાક્ષસી સંખ્યા ધરાવનારો વર્ગ પણ લઘુમતી કહેવાતો હોય તો જૈનોની તો સંખ્યા જ કેટલી? ૨૦ કરોડ લોકો માટે વકીલાત કરનારા બીજા ૨૦ કરોડ લોકો છે! જૈનો માટે વકીલાત

કરીને કોઈને શું મળવાનું? જૈનો સાગમટે એકતરફી વોટ નાખવાનું ચાલુ કરે તો હમણાં જ બધા નેતાઓ ભાઈબાપા કરતા આવે અને જૈનોના પડતર પ્રશ્નો ચપટી વગાડતાં ઊકલી જાય. જો જૈનોએ પહેલેથી લઘુમતી બનવાનું પસંદ કર્યું હોત તો? તો આજે ખૂણામાં બેસીને સમાજના પ્રશ્નો માટે રડવાનો વારો ન આવ્યો હોત. હજી પણ કંઈ મોડું થયું નથી. ભૂતકાળના ગૌરવમાં રાચ્યા કરનારી પ્રજાને કોઈ મદદ કરતું નથી.

***ચંદ્રકાંત ભોગીલાલ** (પાયધુની, મુંબઈ)*

જૈનો સ્પષ્ટપણે ધાર્મિક લઘુમતી છે. તેમણે પોતાના સિદ્ધાંતો સાચવી રાખવા હોય તો આ સત્ય સ્વીકાર્યા વિના ચાલશે નહીં. જૈનો લાગણીવેડામાં રહી જશે તો તેઓ જે ગુમાવશે તે એટલું બધું હશે કે તેને કદી પાછું મેળવી શકાશે નહીં.

***મનોજ એમ ચોકસી** (પાલડી, અમદાવાદ)*

જે જાતની વર્તમાન રાજ્યવ્યવસ્થા છે તેમાં જૈનોને લઘુમતીનો દરજ્જો મળે તે જરૂરી છે. આથી જૈનો પોતાની એજ્યુકેશનલ સંસ્થાઓ સ્થાપી શકશે, તેનો જૈન સિદ્ધાંતો મુજબ વહીવટ કરી શકશે. રાજકારણમાં પોતાનો અવાજ રજૂ કરી શકશે. ભગવાન મહાવીરના સિદ્ધાંતનો પ્રચાર કરી શકશે.

***નિરંજનાબેન એ શાહ** (ધીકાંટા, અમદાવાદ)*

જૈનોનો એક સમય હતો જ્યારે તેઓ લાખોની સંખ્યામાં હતા. આજે શી સ્થિતિ છે? આજે જૈનોની મામૂલી સંખ્યા જ બચી છે. કારણ કે બાકીની પ્રજા તેમને ગળી ગઈ છે. આ ખતરામાંથી બચવું હશે તો જૈનોને લઘુમતીનો દરજ્જો આપવો જ પડશે. નહીં તો ભવિષ્યના ઇતિહાસમાં એવું ભણાવવામાં આવશે કે ''આ દુનિયામાં કોઈક કાળે જૈન નામની કોઈ પ્રજા હતી.''

***અશોક ચંપકલાલ** (વાસણા, અમદાવાદ)*

જૈનો ધાર્મિક લઘુમતી છે જ. લઘુમતીવાદ તરીકે જેને વગોવવામાં આવે છે તે કોઈ વાદ નથી. એ એક વ્યવસ્થા છે. સંખ્યામાં નાની હોય એવી પ્રજાની સુરક્ષા માટે બંધારણે આપેલા વિશેષ અધિકારોના ભાગરૂપે આ વ્યવસ્થા ઉદ્ભવી છે. મુસ્લિમો, ક્રિશ્ચિયનો, શીખો, પારસીઓ વગેરેને આ કારણસર જ લઘુમતીનો દરજ્જો આપવામાં આવ્યો છે. એ અર્થમાં જૈનો પણ પોતાની સુરક્ષા માટે પોતાને લઘુમતી ગણાવે એમાં કંઈ ખોટું નથી. મુશ્કેલી એ છે કે જૈનો રાજકીય રીતે તદ્દન અપરિપક્વ હોવાથી નેતૃત્વના અભાવે તેમના કાયદેસરના હક્કો બાબતે પણ સમાજમાં એકવાક્યતા જોવા મળતી નથી. માત્ર વેપારી લાભો જોવાની દૃષ્ટિમાંથી જૈનોએ બહાર આવવું પડશે.

***દેવેન્દ્ર કે શાહ** (બોરીબંદર, મુંબઈ)*

**આ** એક એવો મુદ્દો છે જેમાં જૈન સમાજમાં પૂરતો અભિપ્રાય કેળવાયો નથી, પણ એકંદરે વિચાર કરતાં એમ લાગે છે કે જૈનો ખરેખર ધાર્મિક લઘુમતી છે. સંખ્યાની રીતે તો છે જ, પરંતુ માન્યતાની રીતે પણ જૈન સિદ્ધાંતો અન્યો કરતાં ઘણા અલગ પડે છે. દરેક સમાજ પોતાની પ્રગતિની કામના રાખતો હોય છે. અને એમાં કશું ખોટું નથી. જૈનોએ પણ બંધારણીય અધિકારોનો ઉપયોગ કરીને પોતાની પ્રગતિ કરવી જ જોઈએ.

***પ્રો. એ કે શાહ** (નવી દિલ્લી)*

**શું** જૈનો ધાર્મિક લઘુમતી છે? એનો ઉત્તર હું સ્પષ્ટપણે હકારમાં આપવા માગું છું. આ એક એવી બાબત છે જે સીધી જ લાગણી સાથે સંકળાયેલી છે. જો વિશાળ સંખ્યા ધરાવતા લોકો લઘુમતી ગણાતા હોય તો જૈનોની તો સંખ્યા જ ક્યાં છે! પંજાબ આખું શીખોથી ભરેલું છે છતાં શીખો લઘુમતી કહેવાય! કેરાલાના કેટલાયે જિલ્લાઓ મુસ્લિમ બહુમતીવાળા છે છતાં તેઓ લઘુમતી જ કહેવાય! તો પછી જૈનોનો કયો વાંક છે? જૈનોના રીત, રિવાજ, સંસ્કાર વગેરેના રક્ષણ માટે તેમને કાયદેસર લઘુમતીનો દરજ્જો મળવો જ જોઈએ.

***આશાબેન શાહ** (સોલા, અમદાવાદ)*

**સં**ખ્યાની દૃષ્ટિએ ખૂબ ઓછા હોવાથી જૈનો લઘુમતી પ્રજા છે એવું માનવામાં મને કોઈ વાંધો લાગતો નથી. આ પ્રજાનાં મંદિરો, સંસ્થાઓ, સામાજિક રિવાજો વગેરેની સુરક્ષા માટે તેમણે કોઈ જાતનો ખોટો વટ રાખ્યા વિના લઘુમતીના દરજ્જાનો સ્વીકાર વહેલી તકે કરી જ લેવો જોઈએ.

***રાજેન્દ્રસિંહ ભાણાવત** (જોધપુર)*

**પો**તાની જાતને કાલ્પનિક રીતે જ હિંદુ ગણાવતા રહીને (પેલી કાલ્પનિક અને ઢોંગી બિન સાંપ્રદાયિકતાની જેમ) જૈનોએ આજ સુધી ઘણું જ ગુમાવ્યું છે. હવે જાગવાની જરૂર છે. રાજકારણમાં આગળ આવવાની જરૂર છે. આ માટે લઘુમતી વ્યવસ્થાનો સ્વીકાર કરીને તેનાથી મળતા બંધારણીય અધિકારોનો ઉપયોગ કરીને પોતાના જૈનત્વને પુનઃ ગૌરવાન્વિત કરવાની જરૂર છે.

***પૂર્વી પંકજભાઈ શેઠ** (પાર્લા, મુંબઈ)*

જૈનો ધાર્મિક લઘુમતી છે એ વિચારધારાનું સમર્થન કરનારા અન્ય વાચકો :

***આકાશ શાહ** (પાલડી, અમદાવાદ), **અમીત શાહ** (વાસણા, અમદાવાદ), **ગૌરવભાઈ મહેતા** (પાર્લા, મુંબઈ), **પન્નાલાલજી કાંકરીયા** (સેટેલાઈટ, અમદાવાદ), **પંકજભાઈ વસા** (વડોદરા), **શ્રેણિક વી. શાહ** (ઘોડાસર, અમદાવાદ), **નરેશચંદ્ર માંગીલાલજી** (શિવગંજ, રાજ.), **ડૉ. મયૂરીબેન સંચેતી** (પાલડી, અમદાવાદ), **ભરત શાહ** (મણિનગર, અમદાવાદ), **અંબાલાલ ખેમચંદ શાહ** (નિકોલ, અમદાવાદ), **કંચનબેન મણિલાલ શાહ** (ખોખરા, અમદાવાદ), **પરેશભાઈ** (નવરંગપુરા, અમદાવાદ), **ચંદ્રકાંત ગિરધરલાલ શાહ** (પાલડી, અમદાવાદ), **કીર્તિભાઈ અને શીલાબેન** (મણિનગર, અમદાવાદ), **પૂનમચંદભાઈ મહેતા** (પાલણપુર), **શિરીષભાઈ પારેખ** (ગાંધીનગર), **હેમંતલાલ મણિલાલ** (સૂરત), **અરવિંદભાઈ માણેકલાલ** (નવસારી), **હીરાલાલ ભોગીલાલ કોઠારી** (વલસાડ), **અમરચંદ નાથાલાલ શાહ** (મહેસાણા).*

## ના, જૈનો ધાર્મિક લઘુમતી નથી. કારણ કે...

જૈનો અને લઘુમતી? વિચાર જ હાસ્યાસ્પદ છે. લઘુમતીઓને મળતા લાભોનો ફાયદો ઉઠાવવો એ જૈનો માટે જરાયે શોભસ્પદ નથી.

***અશોક સવાઈ** (કલ્યાણ, જિ. થાણા)*

જૈનો લઘુમતી નથી. અનંતા જૈનો મોક્ષે ગયા છે અને ભવિષ્યમાં જવાના છે.

***જમનાલાલ શાહ** (ન્યૂ દિલ્લી)*

જૈન શાસનને વરેલા લોકોને આવો વિચાર આવે જ કેમ? શું આપણી પુણ્યાઈ ખૂટી ગઈ છે? હજારો વરસ સુધી જૈનોએ રાજાઓનાં મંત્રીપદ શોભાવ્યાં છે. સંખ્યાથી દરેક બાબતને મૂલવવી બરાબર ન ગણાય. રત્નોના વેપારીઓ ઓછા જ હોય, તેથી શું તેમને લઘુમતી વેપારીઓ કહેશો?

***નિરંજનભાઈ રવાણી** (માટુંગા, મુંબઈ)*

જૈનો લઘુમતી છે કે બહુમતી તેની ચિંતા છોડીને જૈન શાસ્ત્રોનો પ્રચાર કરવો એ વધારે અગત્યનું હોય એમ મને લાગે છે.

***નરેશભાઈ સાંઘાણી** (ગોરેગાંવ, મુંબઈ)*

લોકતંત્ર પોતે જ એક બકવાસ છે. પછી લઘુમતી બહુમતી જેવા ક્ષુલ્લક મુદ્દાઓ પાછળ ટાઈમ બગાડવાની કોઈ જરૂર દેખાતી નથી.

***ભાસ્કરભાઈ શાહ** (પાલડી, અમદાવાદ)*

જૈનો કંઈ ભિખારી નથી કે સરકાર મા બાપ આપણને એકાદો ટુકડો નાખે અને આપણે રાજી થઈ જઈએ. લઘુમતીનું તૂત ઊભું કરીને જૈનોને ભિખારી બનવાની ટ્રેનિંગ આપવાની કંઈ જરૂર ખરી?

***બાબુલાલ એમ શાહ** (કાંદીવલી, મુંબઈ)*

લઘુમતીવાદનો ગોળ કોણીએ લગાડીને જૈનોને હીણા ચીતરવાની સાજિશ છે. જૈનો લઘુમતી હોઈ શકે નહીં. જૈનો તો ભૂપાલ છે. પાછલાં હજારો વર્ષોમાં દેશ, સમાજ અને ધર્મ પાછળ અબજો રૂપિયા વાપરીને જૈનોએ હંમેશાં ઉન્નત મસ્તકે જીવ્યા છે.

***જિતેન્દ્ર નાનાલાલ** (વાસણા, અમદાવાદ)*

જૈનો હિંદુ પ્રજા જ છે. તેને બાકીના વર્ગથી અલગ ગણવામાં કોઈ જ ડહાપણ નથી. લઘુમતી બહુમતીના હાકલા પડકારા સાંભળીને હવે તો કાન પાકી ગયા છે.

***રમેશ કંસારા** (હૈદરાબાદ)*

લઘુમતીવાદ એ ગૌરવવંતી આર્યપ્રજાને ખલાસ કરવાનું કાવતરૂં છે. એક પ્રજા, એક ધ્વજ, એક રાષ્ટ્ર, એક અવાજ એ સમયની માગ છે.

***ચિરાગ સાડીવાલા** (ગિરગાંવ, મુંબઈ)*

**અનુસંધાન પૃષ્ઠ ૪ ઉપર**

## પ્રતિભાવ

*'જય જિનેન્દ્ર' માસિકે પહેલા અંકથી જ સમાજના પ્રબુદ્ધ અને વિચારક વાચકોનું દિલ જીતી લીધું છું. અમને ધાર્યા કરતાં પણ વધારે સમર્થન વાચકો તરફથી મળી રહ્યું છે. વાચકોના પ્રેમનો ઉમળકો જોતાં અમને એમ લાગે છે કે અમે ખરેખર સાચા રસ્તે જઈ રહ્યા છીએ. 'જય જિનેન્દ્ર'ને મળેલા કેટલાક નમૂનારૂપ પ્રતિભાવો અહીં સાદર છે.*

**આદ**રણીય પૂજ્ય મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ,

આપનું આરોગ્ય તંદુરસ્ત રહે તેવી પ્રભુને પ્રાર્થના.

આપની પ્રેરણા અને માર્ગદર્શનથી શરૂ થયેલ '*જય જિનેન્દ્ર*'નો પ્રથમ અંક અક્ષરશઃ વાંચ્યો. મને ઘણું જાણવા મળ્યું.

જૈનશાસનનાં ઘણાં પુસ્તકોના દોહનરૂપ સાહિત્ય પીરસાયું. સૌને પાથેય મળી રહે તેવું છે. આપની નિષ્ઠા અને ધગશ બદલ સરાહનાપૂર્વક અભિનંદન પાઠવું છું.

સૂર્ય, ચંદ્ર અને જૈનશાસન રહે ત્યાં સુધી '*જય જિનેન્દ્ર*' દ્વારા સૌને વાંચન અપાતું રહે તેવી ભાવના.

આપનું આરોગ્ય તંદુરસ્ત રહે, આપની તેજસ્વિતા આગળ ધપતી રહે તેવી પ્રાર્થના.

ફરી અભિનંદન.

**શાંતિલાલ પટેલ**નાં વંદન

*(ગોધરાના ભૂતપૂર્વ સાંસદ, ભૂતપૂર્વ ધારાસભ્ય, કેન્દ્ર સરકારના ભૂતપૂર્વ મંત્રીશ્રી)*

**ન**વા નક્કોર માસિક પત્રને ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન. જૈન શાસનની સેવા કરી છૂટવાનો મનસૂબો ખરેખર સારી ભાવના છે. પહેલા અંકની સામગ્રી અને તંત્રીલેખ જોતાં એમ લાગે છે કે આ માસિક થોડા સમયમાં જ પોતાની એક આગવી પહેચાન ઊભી કરી લેશે. વારંવાર અભિનંદન, અભિનંદન, અભિનંદન...

**પ્રકાશભાઈ શાહ, પન્નાબેન શાહ** (માંડવી)

'*જય જિનેન્દ્ર*' મળ્યું. ભગવાનની વાણી, સૂત્રો વગેરે લખાણ સારૂં છે. અક્ષર સહેજ નાના છે.

**ડૉ. રશ્મિકાન્ત શાહ** (મલાડ, મુંબઈ)

'*જય જિનેન્દ્ર*'ની શરૂઆત સારી રહી. પ્રથમ અંકમાં ભગવાન મહાવીરની જીવની વાંચીને મનને શાતા મળી. માસિકની પ્રગતિ ઇચ્છું છું.

**નયનાબેન વોરા** (પાર્લા, મુંબઈ)

'*જય જિનેન્દ્ર*'ને ખૂબ ખૂબ વધાઈ. નવી નવી સામગ્રી આપતા રહેશો.

**અજયભાઈ શાહ** (પાલડી, અમદાવાદ)

જૈન શાસનની શાન વધારે તેવું સાહિત્ય અને વાર્તાઓ વગેરે આપશો તો જૈન ધર્મનો સારો પ્રચાર થશે.

**નૂતન શાહ** (માટુંગા, મુંબઈ)

'*જય જિનેન્દ્ર*'માં વાંચ્યું ત્યારે ખ્યાલ આવ્યો કે પદ્માવતી માતાજીને ખમાસમણ ન દેવાય! હું દરરોજ ખમાસમણ આપતો હતો તે અવિધિ દૂર કરેલ છે. લેખક મુનિશ્રીને મારા આભાર પાઠવશો.

**જયસુખલાલ ગાંધી** (ચેન્નાઈ)

'*જય જિનેન્દ્ર*'ના બીજા અંકમાં મધનો ઘડો અને ઝેરનો ઘડો એ લખાણ ઘણું ગમ્યું. તંત્રીસ્થાનેથી લખાયેલ લખાણ 'એક વિરાટ વ્યક્તિત્વની ખોજ' ખરેખર સમયને અનુરૂપ છે. આજના ધાર્મિક નેતૃત્વ સામે ઘણા ગંભીર પડકારો છે.

**પ્રકાશ શાહ** (અહમદનગર)

'**એ**ક વિરાટ વ્યક્તિત્વની ખોજ' (*જય જિનેન્દ્ર* તા. ૧ મે) ખરેખર જરૂરી છે. આ રીતે સમાજને જગાડનારાં લખાણો આપતા રહેશો.

**પંકજભાઈ પારેખ** (માટુંગા, મુંબઈ)

આ લખાણને બિરદાવનારા અન્ય વાચકો : **અંજનાબેન** (વડોદરા), **શૈલેશભાઈ** (પાર્લા), **પ્રવીણ શાહ** (અમદાવાદ), **મગનલાલ કંસારા** (અમદાવાદ), **ઉત્તમલાલ શાહ** (બોરીવલી).

'*જય જિનેન્દ્ર*'નો બીજો અંક એક મહારાજ સાહેબ પાસે જોવા મળ્યો. 'એક મુનિવરની ડાયરીમાંથી'નું લખાણ અત્યારના જૈન મુનિઓની માનસિકતા ઉપર પ્રકાશ પાડનારો લાગ્યો. આપણા સાધુઓ જો દંભમુક્ત બને તો તેઓ સમગ્ર જગતની કાયાપલટ કરવા સક્ષમ છે.

**રાજેશ કોઠારી** (ગોરેગાંવ, મુંબઈ)

'**શું** અયોગ્ય પદવીઓ અને કુપાત્ર દીક્ષાઓ અટકાવી ન શકાય?' (અંક ત્રીજો) થોડામાં ઘણું કહી જાય છે. આવા મુદ્દાઓ ઉપર મુનિસમ્મેલન થવું જ જોઈએ. પણ તમે લખી રાખો કે અંગત હિત ધરાવતાં તત્ત્વો એમ નહીં જ થવા દે! અયોગ્ય પદવીઓના કારણે જૈન સંઘનું પોત ઘણું જ નબળું પડી ગયું છે.

**અરવિંદભાઈ શાહ** (પ્રાર્થનાસમાજ, મુંબઈ)

## ચર્ચામંચ

**અનુસંધાન પૃષ્ઠ ૩ નું ચાલુ**

**લ**ઘુતીવાદ એ અંગ્રેજી ભણતર ભણીને તૈયાર થયેલા દેશી અંગ્રેજોએ ફેલાવેલું ઝેર છે. લઘુમતી બહુમતીની માથાકૂટમાંથી બહાર નહીં આવીએ તો પ્રજા તરીકે આપણે ફેંકાઈ જઈશું. આપણે હિંદુ, જૈન, બૌદ્ધ જેવા લેબલોમાંથી બહાર આવીને માત્ર ભારતીય છીએ તેવી ખુમારી કેળવવાની વધારે જરૂર છે.

***ચંપકલાલ માવજી*** *(જૂનાગઢ)*

**જૈ**નો લઘુમતી કેવી રીતે હોઈ શકે? શું જૈનો હિન્દુસ્તાનના ફરજંદ નથી? આવી નકામી બાબતો પાછળ પાનાં અને સમય બગાડવાની જરૂર નથી. જૈનોને લઘુમતી ગણવા એટલે બિનહિન્દુસ્તાની ગણવા બરાબર છે.

***શેખરચંદ્ર જૈન*** *(ઔરંગાબાદ)*

**જૈ**નો મૂળભૂત રીતે જ વેપારી પ્રજા છે. વેપારી તરીકે હજારો જાતના લોકો સાથે કામ પડે. એમાં લઘુમતીનું લેબલ લગાડવાથી સરવાળે જૈનો વેપાર ગુમાવશે. આથી એ લપમાં પડવા જેવું હોય એવું મને લાગતું નથી.

***મુરારદાસ શાહ*** *(સાતીવલી, મુંબઈ)*

**જૈ**નધર્મ આપણને સંકુચિત બનવાનું શીખવતો નથી. લઘુમતી બનીને સરકારી લાભો લઈ લેવાનું શીખવતો નથી. જૈનધર્મ હંમેશાં આપવાનું જ શીખવે છે.

***આશા ખેંગારીયા*** *(સિકંદરાબાદ)*

**જૈ**નો લઘુમતી નથી કારણ કે જૈનો પણ હિંદુઓ જ છે. જૈનોને લઘુમતી ગણવા તે તેમને બિનહિંદુ ગણવા બરાબર કહેવાશે.

***જયેશ સી શાહ*** *(મલાડ, મુંબઈ)*

**જૈ**નધર્મને અને લઘુમતી વ્યવસ્થાને શું લાગે વળગે? લઘુમતી બહુમતી વગેરે મુદ્દાઓ એકંદરે નવી બાબતો છે. ૨૫૦૦ વરસ જૂના ધર્મે એવા બંધિયાર બનવાની જરૂર નથી.

***પન્ના નિખિલ શાહ*** *(મલાડ, મુંબઈ)*

**જૈ**ન ધર્મ દુનિયાનો શ્રેષ્ઠ ધર્મ છે તે તેના સિદ્ધાંતોના કારણે, નહીં કે લઘુમતી બહુમતી જેવી બાબતોના કારણે. આપણે એની મહાનતાને લઘુમતીવાદ નીચે દાબી ન દઈએ તો સારૂં.

***હંસરાજ શામજી*** *(વડાલા, મુંબઈ)*

**લ**ઘુમતીવાદમાં જો જૈનો તણાઈ જશે તો તે જૈન ધર્મ માટે વિઘાતક પૂરવાર થશે. સંખ્યામાં ઓછા હોવું માટે લઘુમતી હોવું એ સિદ્ધાંત પાયામાંથી જ ખોટો છે. ગુણવત્તા જોવાવી જોઈએ અને એ દૃષ્ટિએ આપણે લઘુમતી નથી જ.

***નારણજી ખીમજી*** *(ચીંચબંદર, મુંબઈ)*

**જૈ**ન ધર્મમાં માનનારો કોઈ પણ માણસ લઘુમતીના સિદ્ધાંત સાથે સમ્મત થઈ શકે નહીં. આપણે તો શાસ્ત્રમતીમાં માનનારા લોકો છીએ. ન લઘુમતી ન બહુમતી, માત્ર શાસ્ત્રમતી. લઘુમતીવાદથી મોક્ષમાર્ગનો આપણો મૂળ હેતુ માર્યો જાય છે.

***ધીરજબેન ચાલીસા*** *(સેટેલાઈટ, અમદાવાદ)*

●●

સંપાદક નિર્વેદ આચાર્ય, ૬૮ નિહારિકા બંગલોઝ, આંબાવાડી, અમદાવાદ દ્વારા પ્રકાશિત અને શિવકૃપા ઓફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ દ્વારા મુદ્રિત
પત્રવ્યવહાર : જય જિનેન્દ્ર પોસ્ટ બોક્સ નં. ૧૫૦૦૮, અમદાવાદ ૩૮૦ ૦૧૫
E-Mail : jayjinendra@jainshasan.com